ક્રમાંક:ઈજફ/૧૦૨૦૨૩/૪૧/ચ
ગુજરાત સરકાર, નાણા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૧૦/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી,
સચિવાલયના સર્વે વિભાગો,
સચિવાલય, ગાંધીનગર.

**વિષયઃ** ૩૦ જૂનના રોજ વયનિવૃત્ત થયેલ કર્મચારીઓનો ૧ જુલાઇનો ઈજાફો આકારી પેન્શન સુધારણા કરવા બાબત.

**સંદર્ભઃ** (૧) ઈજફ/૧૦૨૦૨૩/૪૧/ચ, તા.૧૨/૦૮/૨૦૨૪

(૨) નામ. સુપ્રિમકોર્ટની Misc. Application Dairy No.2400/ 2024 in SLP No. 4722/2021માં તા.૦૬/૦૯/૨૪નો ચુકાદો

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ૩૦ જૂનના રોજ વયનિવૃત્ત થયેલ કર્મચારીઓને ૧ જુલાઇનો ઈજાફો આપવાની બાબતે સંદર્ભમાં ક્રમાંક (૧) સામે દર્શાવેલ નાણા વિભાગના તા.૧૨/૦૮/૨૦૨૪ના ઠરાવથી નીતિ પ્રસિદ્ધ કરેલ હતી. આ નીતિ તા.૦૪/૧૦/૨૦૨૪ના પત્રથી એબેયન્સમાં મૂકવામાં આવેલ છે.

સંદર્ભમાં ક્રમાંક (૨)માં દર્શાવેલ નામ. સુપ્રિમકોર્ટના તા.૦૬/૦૯/૨૦૨૪ના ચુકાદા અન્વયે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

૩૦ જૂનના રોજ વયનિવૃત્ત થયેલ કર્મચારીઓની સેવા વિષયક વિગતો ચકાસી જો ૦૧ જુલાઇનો ઈજાફો મળવાપાત્ર હોય તો તેમના છેલ્લા પગારમાં ૧ ઈજાફો આકારી મળવાપાત્ર પેન્શનમાં સુધારો કરી, સુધારેલ પેન્શનની ચુકવણી તા.૦૧/૦૫/૨૦૨૩થી કરવાની રહેશે.

આપનો વિશ્વાસુ,
K.H.P.
(કે.એચ. પંડ્યા)
ઉપસચિવ
નાણા વિભાગ